# औपशमिकक्षायिकौ भावौ मिश्रश्च जीवस्य स्वतत्त्वमौदयिक-पारिणामिकौ च।।१।।

## ૧. ઔપશમિક ભાવઃ (૨ ભેદ)

કર્મના ઉપશમના કાળમાં થવાવાળા જીવના ભાવને ઔપશમિક ભાવ કહેવાય છે.

| | ભાવ | ગુણ | ગુણસ્થાન | કર્મ |
|---|---|---|---|---|
| ૧ | ઔપશમિક સમ્યગ્દર્શન | શ્રદ્ધા | ૪-૧૧ ગુણસ્થાન | દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય કર્મનો ઉપશમ |
| ૨ | ઔપશમિક ચારિત્ર | ચારિત્ર | ૧૧ ગુણસ્થાન | ચારિત્રમોહનીયની ૨૧ પ્રકૃતિનો ઉપશમ |

પ્ર. ૨૧ ચારિત્રમોહનીય કર્મની પ્રકૃતિઓ કઈ છે?

ઉ. ૪ અપ્રત્યાખ્યાનાવરણીય કષાય

૪ પ્રત્યાખ્યાનાવરણીય કષાય

૪ સંજ્વલન કષાય

૯ નોકષાય

----------------

૨૧

## ૨. ક્ષાયિક ભાવ: (૯ ભેદ)

કર્મના ક્ષયના કાળમાં થવાવાળા જીવના પરિણામને ક્ષાયિક ભાવ કહેવાય છે.

| | ભાવ | ગુણ | ગુણસ્થાન | કર્મ |
|---|---|---|---|---|
| ૧ | ક્ષાયિક દર્શન | દર્શન | ૧૩-૧૪ અને સિદ્ધ દશા | દર્શનાવરણીય કર્મનો ક્ષય |
| ૨ | ક્ષાયિક જ્ઞાન | જ્ઞાન | ૧૩-૧૪ અને સિદ્ધ દશા | જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય |
| ૩ | ક્ષાયિક સમ્યક્ત્વ | શ્રદ્ધા | ૪ થી સિદ્ધ દશા સુધી | દર્શનમોહનીયની ૩ અને ચારિત્રમોહનીયની ૪ = ૭ પ્રકૃતિનો ક્ષય |
| ૪ | ક્ષાયિક ચારિત્ર | ચારિત્ર | ૧૨,૧૩,૧૪ અને સિદ્ધ દશા | ચારિત્રમોહનીયની ૨૧ પ્રકૃતિનો ક્ષય |
| ૫ | ક્ષાયિક દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય | દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય | ૧૩-૧૪ અને સિદ્ધ દશા | અંતરાય કર્મનો ક્ષય |

# ૩. ક્ષાયોપશમિક ભાવ: (૧૮ ભેદ)

કર્મના ક્ષયોપશમના કાળમાં થવાવાળા જીવના ભાવને ક્ષાયોપશમિક ભાવ કહેવાય છે.

| | ભાવ | ગુણ | ગુણસ્થાન | કર્મ |
|---|---|---|---|---|
| ૧ | ૩ દર્શન (ચક્ષુ, અચક્ષુ, અવધિ) | દર્શન | ૧-૧૨ | દર્શનાવરણીય કર્મનો ક્ષયોપશમ |
| ૨ | ૩ અજ્ઞાન (કુમતિ, કુશ્રુત, કુઅવધિ) | જ્ઞાન | ૧,૨,૩ | જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ / દર્શનમોહનીયનો ઉદય |
| ૩ | ૪ જ્ઞાન (સુમતિ, સુશ્રુત, સુઅવધિ, મન:પર્યાયજ્ઞાન) | જ્ઞાન | ૪-૧૨ | જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ / ૩ પ્રકારના દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયનો અનુદય |
| ૪ | ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન | શ્રદ્ધા | ૪-૭ | દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ |
| ૫ | ક્ષાયોપશમિક ચારિત્ર | ચારિત્ર | ૬-૧૦ | ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ |
| ૬ | સંયમાસંયમ | ચારિત્ર | ૫ | ચારિત્રમોહનીય કર્મની અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાનાવરણીય પ્રકૃતિનો અનુદય તથા પ્રત્યાખ્યાનાવરણીય અને સંજ્વલન પ્રકૃતિનો ઉદય |
| ૭ | ક્ષાયોપશમિક દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય | દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય | ૧-૧૨ | અંતરાય કર્મ નો ક્ષયોપશમ |

# ૪. ઔદયિક ભાવ: (૨૧ ભેદ) કર્મના ઉદયના નિમિત્ત થી થતાં જીવના ભાવને ઔદયિક ભાવ કહેવાય છે.

| | ભાવ | ગુણ | ગુણસ્થાન | કર્મ |
|---|---|---|---|---|
| ૧ | ૪ કષાય<br>(ક્રોધ, માન, માયા, લોભ) | ચારિત્ર | ૧-૧૦ | ચારિત્રમોહનીય કર્મનો ઉદય નિમિત્ત છે. |
| ૨ | ૪ ગતિ | - | | ગતિનામ કર્મનો ઉદય નિમિત્ત છે. |
| | દેવ | | ૧-૪ | |
| | નરક | | ૧-૪ | |
| | તિર્યંચ | | ૧-૫ | |
| | મનુષ્ય | | ૧-૧૪ | |
| ૩ | ૩ વેદ<br>(સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુસંકવેદ) | ચારિત્ર | ૧-૯ ગુણસ્થાન સુધી. પછી અપગત વેદી કહેવાય છે. | ચારિત્રમોહનીય કર્મની નોકષાય પ્રકૃતિનો ઉદય નિમિત્ત છે. |
| ૪ | ૬ લેશ્યા<br>(કૃષ્ણા, નીલ, કાપોત, પીત, પદમ, શુક્લ) | યોગ/ચારિત્ર | ૧-૧૩<br>કષાય: ૧-૧૦<br>યોગ : ૧-૧૩ | ચારિત્રમોહનીય અને શરીર નામ કર્મનો ઉદય નિમિત્ત છે. |
| ૫ | મિથ્યાત્વ | શ્રદ્ધા | ૧-૨-૩ | દર્શનમોહનીયનો ઉદય નિમિત્ત છે. |
| ૬ | ઓદયિક અજ્ઞાન | જ્ઞાન | ૧-૧૨ | જ્ઞાનાવરણીય કર્મનો ઉદય નિમિત્ત છે. |
| ૭ | અસંયમ | ચારિત્ર | ૧-૪ | ચારિત્રમોહનીય કર્મનો ઉદય નિમિત્ત છે. |
| ૮ | અસિદ્ધત્વ | - | ૧-૧૪ | ૪ અઘાતિ કર્મની બાકી રહેલી પ્રકૃતિનો ઉદય નિમિત્ત છે. |

## ૫. પારિણામિક ભાવ: ( ૩ ભેદ ) કર્મોપાધિ નિરપેક્ષ શુદ્ધભાવને પારિણામિક ભાવ કહેવાય છે.

